**કામીની દોષી**
**કાર્યપાલક ઈજનેર**

**સુરતમહાનગરપાલિકા**
**નોર્થ ઝોન (કતારગામ)**

નં.એનઝેડ/આઉટ/૯૩૧૪
તારીખ : ૨૩/૧૨/૨૦૨૪

**–: સંમતિ પત્ર :–**

**પ્રતિ,**
**ઈજારદારશ્રી**
....................................
....................................
....................................
....................................

**વિષય :–** નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં વાર્ષિક ધોરણે સાઈનેજીસ બોર્ડ, કેટ આઈ તથા ડેલીનેટર્સ વગેરે પુરા પાડવા તથા લગાડવાનું કામ.
**સંદર્ભ :–** સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૮૦૩/૨૦૨૪, તા. ૨૧/૧૧/૨૦૨૪.

**મહાશય,**

ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં વાર્ષિક ધોરણે સાઈનેજીસ બોર્ડ, કેટ આઈ તથા ડેલીનેટર્સ વગેરે પુરા પાડવા તથા લગાડવાનું કામ અંદાજીત રકમ રૂા. ૧,૨૩,૪૫,૦૮૯.૦૦ પૈ. થી ૨૭.૦૫ % નીચું એટલે કે, રૂા. ૯૦,૦૫,૭૪૨.૪૩ પૈ. ના ખર્ચે સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૮૦૩/૨૦૨૪, તા. ૨૧/૧૧/૨૦૨૪ થી મંજુર કરવામાં આવેલ છે. જે ભાવો અને શરતોને આધિન નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં સાઈનેજીસ બોર્ડ, કેટ આઈ તથા ડેલીનેટર્સ લગાડવાની કામગીરી ના અંદાજીત રકમ રૂા. ૫,૮૦,૪૯૦.૭૯ થી ૨૭.૦૫% નીચા ભાવે એટલે કે રૂા. ૪,૨૩,૪૬૮.૦૩ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી. ની ચુકવણી અલગથી કરવાના ખર્ચે કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખિત સંમતિ તેમજ નીચે જણાવેલ ડોકયુમેન્ટ **બંધ કવરમાં તા.૩૧/૧૨/૨૦૨૪** સુધીમાં નોર્થઝોન(કતારગામ) ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવર સ્વીકારવામાં આવશે નહીં.

**–: શ ર તો :–**

૧ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૫,૦૦૦/– ની આપવાની રહેશે.
૨ ઈજારદારે ‘ ઈ–ર વર્ગ ’ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩ ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા.૧,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમની વર્તમાન(ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૪ ઈજારદારે પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (Form 3A) ની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૫ ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ. ટી. રીટર્નની નકલો સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૬ ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૭ ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.
૮ ઈજારદાર શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતો ને બંધનકર્તા રહેશે.

૯ કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં.

૧૦ તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવવાના રહેશે.

૧૧ તમામ સરકારી / અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૨ સદર કામગીરી બાબતે અત્રેના રસ્તા વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૩ સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Technical Specification મુજબ કરવાની રહેશે.

--S.D/-
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન(કતારગામ)
સુરતમહાનગરપાલિકા